ELECTION 2024
RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક
MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com
Year : 15, Issue : 48, Dt.07-05-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજયમાં મધ્યમ મતદાનથી અસમંજસની સ્થિતિ

## બપોર સુધીમાં ૩૭.૮૨ ટકા મતદાનઃ વડાપ્રધાન મોદી ગૃહમંત્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શરૂઆતમાં જ મતદાન કરી ઉત્સાહ વધાર્યોઃ હીટવેવને કારણે મતદારોએ સવારથી જ મતદાન મથકો પર કતાર લગાવીઃ રાજકોટ સહિત રાજ્યની અનેક બેઠકો પર રૂપાલા ફેકટરની ગંભીર અસર







**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં આજે ગુજરાતની ૨૫ લોકસભા બેઠક પર સવાર ૭ વાગ્યાથી જ ભારે મતદાનના સંકેત છે. ૧૭મી લોકસભાની ચૂંટણીમાં દેશમાં ૧૨ રાજયોની ૯૨ બેઠકો પર આજે મતદાન યોજાઈ રહ્યું છે. જેમાં ગુજરાતમાં બિનહરીફ થયેલી સુરત સિવાયની ૨૫ બેઠકો પર હીટવેવ, ઈફેક્ટ ટાળવા માટે સવારે ૭ વાગ્યાથી જ મતદાન મથકો પર કતાર જોવા મળી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત ગૃહમંત્રી શ્રી અમીત શાહ, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તથા ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સહિતના પોલીટીકલ સેલીબ્રીટીએ પ્રથમ કલાકમાં જ મતદાન કરીને રાજયભરમાં મતદારોનો ઉત્સાહ વધાર્યો હતો.

રાજયમાં ૪.૨૩ કરોડથી વધુ મતદારો આજે ૨૫ બેઠકો પર ૨૬૬ ઉમેદવારોમાંથી ૨૫ સાંસદોને ચુંટી કાઢવા મતદાન કરી રહ્યા છે અને ૨૩ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ તથા બે બેઠકો પર ભાજપ તથા આમ આદમી પાર્ટીના ઉમેદવારો વચ્ચે જંગ છે. રાજયમાં રૂપાલા ફેક્ટરથી રાજકોટ સહિતની બેઠકો હોટ ટોપીક બની ગઈ છે અને આજે મતદાનમાં પણ તેની અસર જોવા મળી છે.‘‘

ખાસ કરીને સૌરાષ્ટ્રની રાજકોટ સહિતની બેઠકો પર ક્ષત્રિય વિસ્તારોમાં કેસરી સાફા પહેરીને ક્ષત્રિય સમાજના ભાઈઓ તથા કેસરી સાડી પહેરીને ક્ષત્રિય બહેનો મતદાન કરવા ઉમટી હતી અને મતદાન મથકો પર પણ જય ભવાનીના નારા સંભળાતા હતા. આજે લોકસભાની સાથે વિધાનસભાની પાંચ બેઠકો પર પણ પેટાચુંટણીનું મતદાન થઈ રહ્યું છે અને આ બેઠકો પર કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા તમામ પુર્વ ધારાસભ્યો તેમના જ પુર્વ સાથીદારો સામે ટકરાઈ રહ્યા છે.

જયાં સૌરાષ્ટ્રના બે હાઈપ્રોફાઈલ ઉમેદવારો પોરબંદર ધારાસભા બેઠક પર અર્જુન મોઢવાડીયા અને માણાવદર બેઠક પર અરવિંદ લાડાણીનો પણ સમાવેશ થાય છે. કુલ પાંચ બેઠકા પર ૨૪ ઉમેદવારો મેદાનમાં છે અને તેમનું ભાવી પણ લોકસભાના ઉમેદવારો સાથે નિશ્ચિત થશે.ગુજરાતમાં વિવાદોની હારમાળા વચ્ચે પ્રચારમાં ક્ષત્રિય ફેક્ટરની અસર જોવા મળી હતી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સૌરાષ્ટ્ર-ગુજરાતની છ બેઠકો પર રેલી યોજાઈ હતી તે સિવાય ગુજરાતનો ચુંટણી પ્રચાર લગભગ સ્થાનિક સ્તર પર આધારિત હતો તો સુરતની લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થતા આ બેઠક પર ભાજપે અન્ય તમામ અપક્ષોને ‘સમજાવી’ને જે રીતે ઉમેદવારી પાછી ખેચાવી તે પણ દેશમાં હોટટોપીક બની હતી અને લોકસભા ચુંટણીમાં પ્રથમ બેઠક પર ભાજપે બિનહરીફ કબ્જો કર્યો હતો.

આજના મતદાનમાં ભાજપે તમામ ૨૫ બેઠકો પર પાંચ લાખ મતોની લીડનો જે લક્ષ્યાંક નિશ્ચિત કર્યો છે તેમાં હવે કેટલી સફળ થાય છે તેના પર નજર છે અને તા.૩ જૂનના રોજ ગણતરી યોજાશે.

## રાજકોટ સંસદીય બેઠક પર બપોર સુધીમાં ૩૭.૪૨ ટકા મતદાન નોંધાયું




લોકશાહીના મહાપર્વ લોકસભાની સામાન્ય ચુંટણી - ૨૦૨૪ અન્વયે ૧૦-રાજકોટ સંસદિય મતવિભાગમાં આજરોજ સવારથી મતદાન શરૂ થયુ છે. આજરોજ પ્રથમ ચાર કલાક એટલે કે સવારે ૭-૦૦ કલાકથી બપોરે ૦૧-૦૦ કલાક સુધીમાં કુલ ૩૭.૪૨ ટકા મતદાન થયેલું છે, તેમ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એન.કે.મુછારની યાદીમાં જણાવાયું છે.

## હીટવેવની ચેતવણી વચ્ચે ૯૨ બેઠકો પર ઉત્સાહભર્યુ મતદાનઃ મલ્લિકાર્જુન ખડગે, આનંદીબેન પટેલ, અજીત પવાર સહિતના નેતાઓએ કર્યુ મતદાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાના ત્રીજા તબકકાની ચૂંટણીમાં આજે દેશનાં ૧૧ રાજયો-કેન્દ્ર શાસીત પ્રદેશોમાં રંગેચંગે અને ઉત્સાહભેર મતદાન થઈ રહ્યું છે. પ્રારંભીક બે કલાકમાં જ સર્વત્ર ૧૦ થી ૧૫ ટકા મતદાન થઈ ગયુ હતું. મતદાન ધરાવતા તમામ મત ક્ષેત્રોમાં લોખંડી સુરક્ષા બંદોબસ્ત વચ્ચે બિહારમાં હિંસક ઘટનાક્રમમાં બે લોકોનાં મોત નીપજયા હતા. કેન્દ્રીય પ્રધાનો અમીત શાહ, મનસુખ માંડવીયા, પ્રહલાદ જોશી, પરસોતમ રૂપાલા સહીતના દિગ્ગજ નેતાઓનાં ભાવિ ઈવીએમમાં સીલ થશે.

લોકસભાની ત્રીજા તબકકાની ૯૨ બેઠકોમાં સવારથી ઉત્સાહભેર મતદાન થઈ રહ્યું છે. ૧૦ રાજયો-કેન્દ્ર શાસીત પ્રદેશોની આ બેઠકોમાં સૌથી વધુ ૨૫ સીટ ગુજરાતની છે.ગુજરાતની તમામ ૨૬ બેઠકોનું મતદાન એક જ તબકકે છે. સુરતની બેઠક અગાઉ જ બીનહરીફ થઈ ગઈ હોવાના કારણોસર આજે ૨૫ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે.




ગુજરાત ઉપરાંત કર્ણાટકની ૧૪, મહારાષ્ટ્રની ૧૧, ઉતર પ્રદેશની ૧૦, મધ્યપ્રદેશની ૯, પશ્ચિમ બંગાળની ચાર ઉપરાંત આસામ, બિહાર, છતીસગઢ, દાદરાનગર હવેલી, ગોવા, જેવા રાજયોની બેઠકોનો સમાવેશ થાય છે.

ત્રીજા તબકકાનાં આજના ચૂંટણી મતદાનમાં કુલ ૧૩૮૬ મતદારો છે જેઓનું રાજકીય ભાવી ઈવીએમમાં કેદ થઈ જશે. આજના મતદાન સાથે લોકસભાની ૫૦ ટકા કરતા વધુ બેઠકો પરનું મતદાન સંપન્ન થઈ જશે.

ગુજરાતમાં પ્રારંભીક કલાકોમાં ૨૦ ટકાથી વધુ મતદાન થયુ હતું. આસામ, તિહાર, દાદરાનગર હવેલી, કર્ણાટકમાં પ્રથમ બે કલાકમાં ૧૦ ટકાથી વધુ મતદાન હતું.છતીસગઢમાં આ આંકડો ૧૪ ટકા ગોવામાં ૧૨ ટકા, મધ્યપ્રદેશ તથા પશ્ચિમ બંગાળમાં ૧૫-૧૫ ટકા, અને ઉતર પ્રદેશમાં ૧૨ ટકાથી વધુ મતદાન થયુ હતું.સ્ત્રસ્ત્ર

આજના ચૂંટણી મતદાનમાં કેન્દ્રીય પ્રધાનો સહીતના દિગ્ગજ નેતાઓના રાજકીય ભાવી ઘડાય રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, ગાંધીનગર બેઠક પર છે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા પોરબંદર, પરસોતમ રૂપાલા રાજકોટ બેઠક પર છે. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીનું પણ રાજકીય ભાવી નકકી થશે.

હોટ બેઠકોમાં મહારાષ્ટ્રની બારામતી બેઠક પર શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે જ સામે અજીત પવારનાં પત્નિ સુનેત્રાનો મુકાબલો છે.તેઓએ સવારે મતદાન કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમીત શાહ, શરદ પવાર, અભિનેતા રીતેશ દેશમુખ, મનસુખ માંડવીયા, પરસોતમ રૂપાલા, કોંગ્રેસ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે, અજીત પવાર, સહીતનાં નેતાઓએ વહેલી સવારે જ મતદાન કર્યું હતું.

તમામ મતક્ષેત્રોમાં લોખંડી સુરક્ષા બંદોબસ્ત હોવા છતાં હિંસક છમકલા થતા રહ્યા હોય તેમ પશ્ચિમ બંગાળનાં જોગીપુરમાં ભાજપના ઉમેદવાર ધનંજય ઘોષ સાથે તૃણમુલ કોંગ્રેસના નેતાને ઝપાઝપી થઈ હતી. બિહારમાં પણ હિંસક બનાવોમાં બે લોકોના મોત થયા હતા.

લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ અને મુકત-ન્યાયી રીતે થાય તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. આકરી ગરમી-હીટવેવની આગાહીને કારણે સવારમાં જ વધુ મતદાન થાય તે માટે પણ પ્રયાસો થયા હતા.


## ગેસના સિલિન્ડર સાથે મતદાન મથકે પહોંચી નવતર વિરોધ નોંધાવતા કોંગી અગ્રણીઓ





ગેસના સિલિન્ડરના ભાવ આસમાને આંબ્યા છે ત્યારે શહેર કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા રાંધણ ગેસના બાટલા સાથે મતદાનની ફરજ બજાવી નવતર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો

## વયોવૃધ્ધ નાગરિકોએ લોકશાહીની ઉચ્ચ ફરજ બજાવી








શહેરમાં આજે ઉત્સાહપૂર્ણ વાતાવરણ વચ્ચે મતદાન યોજાયું હતું. ખાસ કરીને યુવાનોને પણ શરમાવે તેવી તાજગીથી વયોવૃધ્ધ નાગરિકોએ વ્હીલચેર અન્ય પરિવારના વોકરના સહારે મતદાન મથકે પહોંચી લોકશાહીના મહાપર્વની ફરજ બજાવી હતી. તેમની આ ખુમારીને મુખ્ય સમાચારની સલામ.

# જામનગર જિલ્લામાં લોકશાહીના મહાપર્વની ઉજવણી

## જામનગર જિલ્લાના તમામ મતદાન કેન્દ્રો ખાતે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પ્રક્રિયા શરુ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં આજે સવારે ૭ વાગ્યાથી લોકશાહીના મહાપર્વ એવા મતદાનનો તમામ મતદાન મથકો ખાતે પ્રારંભ થઈ ચૂક્યો છે. મતદાન કરવાનો સમય શરૂ થતાની સાથે જ પાત્રતા ધરાવતા લોકો મતદાન કરવા માટે જઈ રહ્યા છે. જામનગરમાં સવારથી જ મતદાન મથકો ખાતે જામનગરવાસીઓ ઉત્સાહપૂર્વક પોતાનો કિંમતી મત આપવા માટે પહોંચ્યા છે.મતદાન કરવું એ આપણી નૈતિક જવાબદારી અને હક છે. ત્યારે સવારથી જ મહિલાઓ , યુવાઓ, સિનિયર સિટિઝન મતદાન મથકો ખાતે મતદાન કરવા પહોંચ્યા છે.૧૨-જામનગર લોકસભા મતદાર વિભાગમાં કુલ ૧૮૮૧ મતદાન મથકો આવેલા છે. જેમાંથી જામનગર જિલ્લાના-૫ વિધાનસભા મતદાર વિભાગમાં કુલ-૧૨૪૭ મતદાન મથકો છે. જે તમામ મથકો પર શાંતિપૂર્ણ વાતવરણમાં મતદાન પ્રક્રિયા ચાલી રહી છે.

# જામનગરમાં રાજકીય મહાનુભાવોએ મતદાન મથક પર જઈને મતાધિકારનો પ્રયોગ કરી લોકશાહીનું પર્વ ઉજવ્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લોકસભા બેઠક પર આજ વહેલી સવારથી જ શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. જામનગરના રહેવાસી અને કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા નારણપર ગામે મતદાન કરવામાં આવ્યું હતું. ત્યારે જામનગર શહેર ભાજપ ધારાસભ્ય રિવાબા જાડેજા ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા જામનગર મહાનગરપાલિકાના મેયર વિનોદ ખીમસરિયા. મતદાન કરવામાં આવ્યું હતું. જામનગર લોકસભા બેઠક કોંગ્રેસના ઉમેદવાર જે.પી.મારવીયાએ સહ પરિવાર સાથે પોતાના નિવાસ્થાન નિકાવા ગામ ખાતે મતદાન કર્યું હતું.

# મોરબીઃ માળીયા(મી) તથા હળવદ તાલુકામાં વીજચોરીના અલગ અલગ બે કેસમાં બંને આરોપીનો નિર્દોષ છુટકારો

**મુખ્ય સમાચાર, મોરબી**



માળીયા(મી) તાલુકાના હરીપર ગામ તથા હળવદ તાલુકાના કવાડીયા ગામે પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા વીજ ચેકીંગ હાથ ધરતા ગેરરીતિ થયું હોવાનું સામે આવ્યું હતું. જે અનુસંધાને માળીયા(મી) તાલુકાના હરીપર ગામે આવેલ પ્લાસ્ટિકના ગઠ્ઠા બનાવતી ફેક્ટરી તથા હળવદ તાલુકાના કવાડીયા ગામે રહેણાંક મકાનના વીજ જોડાણના ગ્રાહક સામે રાજકોટ જી.યુ.વી.એન.એલ. પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી જે બાબતના બંને કેસ મોરબી સ્પે.ઇલેક્ટ્રીક સીટી કોર્ટમાં ચાલી જતા પુરાવા તેમજ આરોપી તરફેના વકીલ એચ એન મહેતાની દલીલોને ધ્યાને લઇ સ્પે. કોર્ટના સ્પે. જજ વી.એ.બુધ્ધસાહેબે બંને આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે.

ઉપરોક્ત બંને વીજ ચોરીના કેસની પ્રાપ્ત વિગત મુજબ માળીયા (મી.) તાલુકાનાં હરીપર ગામે કાઠીયાવાડ સોલ્ટ વર્કસના નામથી પ્લાસ્ટીકનાં ગઠ્ઠા બનાવવાની ફેકટરી મહમદહુશેન સીદીકભાઈ પાયક રહે. મોરબી વાળા ફેક્ટરી ધરાવતા હતા. તેઓની ફેક્ટરીની અંદર તેઓ પી.જી.વી.સી.એલ.ના કાયદેસર ગ્રાહક હતા. ત્યારે ગત તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ નાં રોજ પી.જી.વી.સી.એલ. કચેરીનાં અધિકારીએ ફેક્ટરીમાં વીજ ચેકીંગ હાથ ધરી તેઓએ રૂા. ૭૧,૩૮,૯૮૪-૨૯ પૈસાની વીજ ચોરી કરેલ છે તે મતલબની ફરીયાદ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન રાજકોટમાં વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો દાખલ કરાવેલ જે ગુન્હાની તપાસ કરી તેનું મોરબી સ્પેશ્યલ ઈલેક્ટ્રીક સીટી કોર્ટમાં ચાર્જશીટ રજુ હતું. જયારે બીજા વીજચોરી કેસમાં હળવદ તાલુકાનાં કવાડીયા ગામે ધીરૂભાઈ જેમુભાઈ ડોડીયાના રહેણાંક મકાનમાં પી.જી.વી.સી.એલ. કચેરીનાં અધિકારીએ વીજ ચેકીંગ કરી તેઓએ રૂા. ૨,૫૬,૮૯૭-૮૦ પૈસા ની વીજચોરી કરેલ છે, તે મુજબની ફરીયાદ રાજકોટ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશનમાં વીજળી અધિનિયમ હેઠળ ગુન્હો દાખલ કરાવેલ જે ગુન્હાની તપાસ કરી તેનું મોરબી સ્પેશ્યલ ઈલેક્ટ્રીક સીટી કોર્ટમાં ચાર્જશીટ કરેલ હતું.

ત્યારે બંને અલગ અલગ વીજચોરીનો કેસ મોરબી સ્પે. કોર્ટમાં ચાલી જતા માળીયા(મી)ના હરીપર ગામના ફેક્ટરીમાં વીજચોરી કેસમાં પ્રોસીક્યુશન તરફે પાંચ સાહેદોનાં મૌખિક પુરાવા લીધેલ અને ૧૫ (પંદર) દસ્તાવેજો રજુ કરેલ હતા, જયારે હળવદના કવાડીયા ગામના રહેણાંક મકાનમાં વીજચોરી કેસમાં પાંચ સાહેદોનાં મૌખિક પુરાવા લીધેલ અને ૭ (સાત) દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા હતા. ત્યારે તમામ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ તેમજ આરોપી મહમદહુશેન સીદીકભાઈ પાયકના તેમજ બીજા આરોપી ધીરુભાઈ જેમુભાઇ ડોડીયાના મોરબીના પ્રખ્યાત ધારાશાસ્ત્રી એડવોકેટ એચ. એન. મહેતાની ધારદાર દલીલો ધ્યાને લઈ બંને વીજચોરી કેસની અંદર સ્પેશ્યલ જજ વી.એ.બુધ્ધસાહેબે બંને આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

# જામનગર શહેરનું એ.કે.દોશી મહિલા કોલેજ આદર્શ મતદાન મથક બન્યું લોકોના આકર્ષણનું કેન્દ્ર

## રામસર સાઇટનો દરજ્જો ધરાવતા ખીજડિયા પક્ષી અભયારણ્યની થીમ પર બનાવવામાં આવ્યું છે આદર્શ મતદાન મથક



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં સવારના ૭ વાગ્યાથી જ લોકો મતદાન કરવા પહોચી રહ્યા છે. ત્યારે ૭૮-જામનગર ઉત્તર વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ૬૦-એ.કે.દોશી મહિલા કોલેજ જામનગર ખાતે રામસર સાઇટનો દરરજો ધરાવતા ખીજડીયા પક્ષી અભ્યારણ્યની થીમ પરનું આદર્શ મતદાન મથક ઉભું કરવામાં આવ્યું છે.આ આદર્શ મતદાન મથક પર ખીજડિયા પક્ષી અભ્યારણ્યના આકર્ષક ફોટાઓ, અહીં જોવા મળતા પક્ષીઓ અને તેમના વિશેના પોસ્ટર લગાવવામાં આવ્યા છે. ગુજરાતનાં ૨૩ અભ્યારણ્યો પૈકી જામનગરના ખીજડીયા પક્ષી અભયારણ્યમાં ૩૦૦ થી પણ વધુ પ્રકારના પક્ષીઓ જોવા મળે છે.

પ્રવાસન વિભાગ દ્વારા ખીજડીયા ગામને સિલ્વર કેટેગરી અંતર્ગત 'બેસ્ટ ટુરીઝમ વિલેજ-૨૦૨૩' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ત્યારે જામનગર જિલ્લાના ગૌરવ સમાન ખીજડિયા પક્ષી અભ્યારણ્યની થીમના આ મતદાન મથક પર લોકો મત આપી અભ્યારણ્ય વિશેની પણ માહિતી મેળવી રહ્યા છે.આ મથક ઉપર બેસવાની સુવિધા, પંખાઓ, પીવાનું પાણી, સિનિયર સિટીઝન માટે અલગ સુવિધા, સુરક્ષા વ્યવસ્થા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. સવારથી જ અહીં મતદાન કરવા માટે લોકો એકઠા થયા છે.

# મોરબીના વીરપરડા ગામે મેલડી માતાજી મંદિર જીર્ણોદ્ધાર તથા સુરાપુરા દાદા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી:વીરપરડા ગામે સ્વ.દાદીમા મોંઘીબા નારસંગજી જાડેજા પરિવાર દ્વારા વીરપરડા મુકામે શ્રી ખેવારીયાવાળા મેલડી માતાજી અને બોડાવાળી મેલડી માતાજી મંદિરનો જીર્ણોદ્ધાર તેમજ ભુવાશ્રી ટપુભા હરિસિંહ જાડેજાના શ્રી સુરાપુરાદાદા ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન વીરપરડા ગામ ખાતે કરવામાં આવી હતી જે તાજેતરમાં સંપન્ન થયો.

ઉપરોક્ત રૂડા અવસરે જાડેજા પરિવાર દ્વારા વિવિધ ધાર્મિક પ્રસંગોની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિક્રમ સવંત ૨૦૮૦ ચૈત્ર વદ-૧૩ તા.૦૫/૦૫ને રવિવારે સાંજે ૬ વાગ્યે સુરાપુરા દાદાના સામૈયા કરાયા હતા, ત્યારબાદ તા.૦૬/૦૫ ના સવારથી મેલડી માતાજીનો નવચંડી યજ્ઞ, સુરાપુરા દાદાનો યજ્ઞ તેમજ સાંજે બીડું હોમવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે ૬ કલાકે માતાજીના ગરબા અને સાંજે ૭ વાગ્યે મહાપ્રસાદ લઇ મહોત્સવની પુર્ણાહુતી કરી હતી. ત્યારે આ પ્રસંગે બહોળી સંખ્યામાં સમસ્ત વીરપરડા ગામ તથા જાડેજા પરિવારજનો જોડાઈ પ્રસંગની ભવ્યથી અતિ ભવ્ય ઉજવણી કરી હતી.

# હરિયા કોલેજ રોડ ઉપર ત્રણ ફલેટના તાળા તુટયા

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર શહેરના હરીયા કોલેજ રોડ ઉપર આવેલી જુદા-જુદા એપાર્ટમેન્ટના ત્રણ ફલેટમાં ધોળા દિવસે તસ્કરોએ ત્રાટકીને યુ.એસ. ડોલર, ચાઈનીઝ કરન્સી, સોનાના - દાગીના અને રોકડ રૂપિયા સહિત કુલ રૂ.૧.૯૦ લાખની ચોરી કરી ગયાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

જામનગર શહેરના હરીયા કોલેજ રોડ જકાતનાકા પાસે પ્રકાશ એવન્યુમાં રહેતા મોરબીના વતની મહેશભાઈ રણછોડભાઈ પંચવટીયા નામના યુવાનનો પરિવાર વતનમાં ગયો હતો અને તે ગત તા.રના સવારમાં ખાનગી કંપનીમાં નોકરી ઉપર જતાં રહેતા કોઈ - અજાણ્યા શખસોએ તાળુ તોડીને ફલેટમાં ઘુસીને રોકડ રૂ.૨૫ હજારની ચોરી કરી ગયા હતાં.ઉપરાંત એ જ વિસ્તારમાં કુદરતવીલા રેસીડન્સીમાં રહેતા સુરતના વતની મનીષાબેન સંતોષભાઈ સિંહ નામની પરિણિતા સવારમાં ઓફીસે જવા નિકળી જતા તેના બંધ ફલેટમાંથી ધોળા દિવસે તસ્કરો ત્રાટકીને સોનાની કાનની બુટી, સોનાનું ગણપતીનું પેન્ડલ મળી રૂ.૬૫૦૦ની ચોરી અને તેમાં જ રહેતા આગ્રાના વતની રવીન્દ્રસિંહ ભુદેવસિંહ સિંહ નામના બંધ ફલેટમાંથી

તસ્કરો કબાટમાંથી ૨૫૦૦ યુ.એસ. ડોલર (ભારતીય કરન્સી રોકડ રૂ.૧.૫૦ લાખ) તેમજ ચાઈનીઝ કરન્સી ૧૦૦૦ (ભારતીય કરન્સી શ.ક્ષ૨૨૨) મળીને કુલ રૂ.૧,૫૮,૦૦૦ની ચોરી કરી ગયા. હતાં. જે અંગેની મહેશભાઈ પંચવટીયાએ સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ આર. કે.ખલીફાએ અજાણ્યા શખસો સામે ગુનો નોંધ્યો છે. જે અંગેની પીએસઆઈ એસ.એમ.. સીસોદીયાએ તપાસ હાથ ધરીને તે વિસ્તારમાંથી સીસી ટીવી ફુટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

### જામજોધપુરના પત્રકાર વિજયભાઈ બગડા ના પુત્ર વિરાંશનો આજે જન્મ દિવસ



મારુ નામ વિરાંશ બગડા છે . આજે મારો જન્મદિવસ છે . મારા પપ્પાનું નામ વિજયભાઈ (પત્રકાર) તથા મમ્મીનું નામ સોનલબેન છે . હું મારા દાદા છગનભાઇ, દાદી પ્રભાબેન, કાકા વિવેકભાઇ, ફઇ ઉર્મિલાબેન, કૃપાબેન અને ક્રિષ્નાબેનનો લાડકો છું. આજે મારા ઘરે મારા બર્થડેની પાર્ટી રાખી છે . જેમાં હું કેક કાપીશ, ચોકલેટ તથા આઇસ્ક્રીમ ખાઇશ અને મારા મિત્રો વિવાન,સ્મિત અને ક્રિયાંશ સાથે તોફાન - મસ્તી કરીશ તમે આવશો ને મારી બર્થડે પાર્ટીમાં ... ?? !!

# મોરબીમાં માનસિક બીમારીથી કંટાળી યુવકે ગળેફાંસો ખાઈ જીવતર ટૂંકાવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબીના સામાકાંઠા વિસ્તારમાં વેજીટેબલ રોડ શિવપાર્ક સોસાયટીમાં આવેલ શેરી નં.૩માં રહેતા મૂળ મોટા દહીંસરા ગામના વતની ૪૦ વર્ષીય ભરતસિંહ બટુકસિંહ જાડેજાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારજનો ઉપર આભ તૂટી પડ્યું હતું. ત્યારે સમગ્ર અપમૃત્યુના બના બાબતે પ્રાથમિક તપાસમાં મૃતક ભરતસિંહ જાડેજાને છેલ્લા બે મહીનાથી માનસીક બીમારી હોય જેને લઇ અલગ-અલગ દવખાને સારવારમાં દવા ચાલુ હોય, ત્યારે માનસીક બીમારીથી કંટાળી જઈ મૃતક ભારતસિંહે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઈ લેતા તેનું મરણ થયું હતું. મૃત્યુના બનાવની મોરબી બી ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# પુત્રના ત્રાસથી કંટાળી પિતાનો આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ભણગોર ગામના એક ખેડૂતે પોતાના પુત્રના આર્થિક વ્યવહારના ત્રાસને કારણે ઝેરી દવા પી લઇ બાદમાં ગળાફાંસો ખાઇ લઇ આપઘાત કરી લીધો છે. પુત્ર પોતાના કહ્યામાં ન હોવાની વર્તમાનપત્રમાં પણ જાહેરાત આપી હોય, બાદમાં ગુમસુમ રહેતાં અને અંતે કંટાળી ખેડૂતે આપઘાતનું પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.



આ બનાવની જાણવા મળતી વધુ વિગત અનુસાર જિલ્લાના લાલપુર તાલુકાના ભણગોર ગામે રહેતાં અને ખેતી કામ કરતાં દિપકભાઇ સુભાષભાઇ માણાવદરિયા નામના ૪૭ વર્ષના ખેડૂતે પોતાની વાડીમાં જંતુનાશક દવા પી લીધા બાદ આંબના ઝાડમાં દોરડું બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે મૃત્તકના નાનાભાઇ હિતેશભાઇ સુભાષભાઇ માણાવદરિયાએ પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કામગીરી હાથ ધરી છે.ફરિયાદમાં જણાવાયા અનુસાર મૃત્તક દિપદકભાઇનો દિકરો (પુત્ર) ચાંદ માણાવદરિયા (ઉ.વ.૨૪) કે જે આર્થિક વ્યવહાર બાબતે પોતાના કહ્યાં ન હતો. આ બાબતે દિપકભાઇએ આજથી એકાદ વર્ષ પહેલાં અખબારમાં પણ જાહેરાતો પ્રસિધ્ધ કરાવી હતી. ત્યારબાદ તેઓ ગુમસુમ રહેતાં હતાં અને કંટાળી જઇ જંતુનાશક દવા બાદ ગળાફાંસા દ્વારા આ પગલું ભરી લીધાનું સામે આવ્યું છે. આ સમગ્ર મામલે લાલપુર પોલીસ મથકના એએસઆઇ ડો.સી.ગોહિલ આગળની તપાસ ચલાવી રહ્યાં છે.

# વાંકાનેરની અરૂણોદય સોસાયટીમાં રહેતી પરિણીતાએ ઘઉંમાં નાખવાની ઝેરી દવા ગટગટાવી કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર શહેરમાં આવેલ અરૂણોદય સોસાયટીમાં રહેતી પરિણીતાને તેના પતિએ અગાઉ અન્ય કોઈ પુરૂષ સાથે પ્રેમ સંબંધ હોવા બાબતે ઠપકો આપ્યાનું લાગી આવતા ઘરે ઘઉંમાં નાખવાની દવા પી લેતા તેણીનું સારવાર દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે મૃત્યુ નીપજતા ચકચાર મચી જવા પામી છે.

અપમૃત્યુની પ્રાપ્ત વિગતો અનુસાર વાંકાનેરની અરૂણોદય સોસાયટીમાં રહેતા હેતલબેન સંદિપભાઇ મહેશભાઇ રાઠોડ ઉવ.૩૬ ને પરપુરૂષ સાથે પ્રેમસંબધ હોય જેની જાણ હેતલબેનના પતિને થઇ જતા જે બાબતે અગાઉ ઠપકો આપેલ હોય જે કારણોસર હેતલબેનને મનમાં લાગી આવતા પોતે પોતાના ઘરે પોતાની જાતે ઘઉંમાં નાખવાની દવા ગટગટાવી જતા તેણીને ઝેરી અસર થતા હેતલબેનને પ્રથમ વાંકાનેર સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા. ત્યારે રાજકોટ હોસ્પિટલમાં ફરજ પર હાજર ડોક્ટરે જોઈ તપાસી હેતલબેનને મૃત જાહેર કર્યા હતા. ત્યારે પરિણીતાના મોત અંગેની પ્રાથમિક તપાસમાં મૃતક હેતલબેનનો ૧૭ વર્ષનો લગ્નગાળો હોવાનું સામે આવ્યું છે. હાલ અકાળે મૃત્યુ અંગે વાંકાનેર સીટી પોલીસે અ.મોત રજી. કરી આગળની વધુ તપાસ શરૂ કરી છે.

# આર્યભટ્ટ લોકવિજ્ઞાન કેન્દ્ર મોરબી દ્વારા આંતરરાષ્ટ્રિય ડ્રોન દિવસ ઉજવાયો

## આઈ.ટી.આઈ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ડ્રોન ટેકનોલોજી અને 3D પ્રિન્ટરના વર્કશોપનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર દ્વારા પ્રેરિત આર્યભટ્ટ લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા મોરબી જીલ્લા મુકામે આઈ.ટી.આઈ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ડ્રોન ટેકનોલોજી અને 3D પ્રિન્ટરનું વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ પોતાની જાતે ડ્રોન ઉડાવી આનંદિત થયા હતા તેમજ 3D પ્રિન્ટર ટેકનોલોજીનો પણ ઉત્સાહ પૂર્વક લાભ લીધો હતો. આંતરરાષ્ટ્રીય ડ્રોન દિવસની ઉજવણી થકી ભારત દેશમાં વધુ ને વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરી ભારત દેશ સમૃદ્ધ રાષ્ટ્ર તરફ આગળ વધે તેવા હેતુથી વિજ્ઞાન અને ટેક્નોલોજીના પ્રચાર અને પ્રસારનું કાર્ય આર્ય ભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી જીલ્લાના કો ઓર્ડીનેટર દિપેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ આઈ.ટી.આઈ. ના આચાર્ય શ્રી હળવડીયા સાહેબ દ્વારા અને સાથી સ્ટાફ મિત્રો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો જેવી માહિતી આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્રના ડાયરેક્ટર શ્રી એલ એમ ભટ્ટ દ્વારા આપવામાં આવી હતી.

# જાયવા નજીક પેટ્રોલ પંપને તસ્કરોએ નિશાન બનાવ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર જાયવા ગામના પાટિયા પાસે આવેલા એક પેટ્રોલ પંપને તસ્કરોએ નિશાન બનાવ્યો હતો. તસ્કરો પેટ્રોલ પંપની ઓફિસમાંથી એક લાખ ઉપરાંતની રોકડ રકમ ઉઠાવી ગયા હતાં. આ બનાવ અંગે ધ્રોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતા પોલીસ કાફલો પેટ્રોલ પંપ પર દોડી ગયો હતો અને સીસીટીવી ફૂટેજના આધારે નાશી ગયેલા તસ્કરોને શોધવાની કાર્યવાહી આગળ ધપાવી છે.ધ્રોલ પોલીસ મથકેની ચોરીના આ બનાવની જાણવા મળતી વધુ વિગત અનુસાર જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર જાયવા ગામના પાટિયા પાસે આવેલ વિરાજ પેટ્રોલિયમ નામના એક પેટ્રોલ પંપને ગત રાત્રિના તસ્કોએ નિશાન બનાવ્યો હતો. પેટ્રોલ પંપના કર્મચારીઓ રાત્રિના સમયે ઓફિસને તાળા મારીને બહાર સુતા હતાં તે દરમિયાન પાછળથી કોઇ તસ્કરોએ પેટ્રોલ પંપના દરવાજાના લોક તોડી નાખી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો ઓફિસના ટેબલના ખાનામાં રાખેલી પેટ્રોલ પંપના હિસાબની ૧,૧૩,૦૦૦ ની રોકડ રકમ ઉસેડી ગયા હતાં.

સવારે છ વાગ્યે કર્મચારીઓએ ચોરીના બનાવની જાણ થતાં તેઓએ રાજકોટમાં રહેતાં પેટ્રોલ પંપના માલિક ગીરીરાજસિંહ હરિશચંદ્રસિંહ ગોહિલને જાણ કરતાં તેઓ રાજકોટથી જાયવા ગામે આવી પહોંચ્યા હતાં. ગીરીરાજસિંહે પેટ્રોલ પંપમાં લગાવેલા સીસીટીવના ફૂટેજ ચેક કરતાં રાત્રિના ત્રણથી ચાર વાગ્યાના સમયગાળા દરમિયાન ચાર તસ્કરો આવ્યા હતાં જેમાં બે તસ્કરો બહાર રેકી કરતાં હોવાનું બે તસ્કરો અંદર ચોરી કરવા ઘુસ્યા હોવાનું જોવા મળ્યું હતું.જેથી ગીરીરાજસિંહે ધ્રોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ધ્રોલ પોલીસ મથકના પીએસઆઇ પી.જી.પનારા અને સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને પેટ્રોલ પંપ પર લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે નાશી ગયેલ ચોર ટોળકીને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કપરી કામગીરી વચ્ચે પણ લોકશાહીની મહત્વની ફરજ બજાવતાં ઉચ્ચ અધિકારીઓ



કલેકટર પ્રભવ જોષી



મ્યુ.કમિશનર આનંદ પટેલ



પો.કમિશનર રાજુ ભાર્ગવ




પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ

# રાજકોટના નગરવાસીઓએ ઢોલ નગારા તાલે ઉત્સાહભેર કર્યું મતદાન







(તમામ તસ્વીરોઃ આનંદ જાવિયા)







## દુષ્કર્મના કેસમાં મદદગારીમાં સંડોવાયેલી મહિલાના જામીન મંજુર કરતી હાઈકોર્ટ

### પડધરી પંથકનો બનાવઃ સગીરા સાથે ત્રણ શખ્સોએ મહિલાની મદદગારીથી છ મહિના સુધી દુષ્કર્મ આચર્યું'તુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી પંથકની સગીરા ઉપર દુષ્કર્મ આચરવાના ગુનામાં મદદગારીમાં સંડોવાયેલા મહિલા આરોપીની જામીન અરજી હાઇકોર્ટે મંજુર કરી હતી.

કેસની હકીકત મુજબ પડધરી પંથકની સગીરાની મરજી વિરુદ્ધ છેલ્લા છએક મહીનાથી અવાર નવાર બળજબરી પુર્વક શરીર સબંધ બાંધ્યા હોવાની ભોગ બનનારના પિતાએ મહેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજા, અજયસિંહ રણજીતસિંહ જાડેજા અને યશપાલસિંહ રસિકસિહ જાડેજા વિરૂધ્ધ પડધરી પોલીસ





મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે બાદ પોલીસે આરોપી અજયસિંહ જાડેજાની ધરપકડ બાદ મદદગારી કરનાર ગાયત્રીબા યુવરાજસિંહ જાડેજાની ધરપકડ કરવામા એવી હતી. મદદગારીમાં સંડોવાયેલા આરોપી ગાયત્રીબા જાડેજાએ સેસન્સ અદાલતમા રેગ્યુલર જામીન પર મુકત થવા કરેલી જામીન અરજી નામંજુર થતા તે હુકમને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા જેમાં બંને પક્ષનીરજૂઆતો બાદ મહિલા આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા જામીન ઉપર મૂક્ત કરવા રજુઆત કરી હતી. જે દલીલો ધ્યાને લઈ હાઇકોર્ટે આરોપી ગાયત્રીબા જાડેજાને રેગ્યુલર જામીન પર મુક્ત કરવા હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં કેસમા મહિલા આરોપી વતી એડવોકેટ બકુલભાઈ રાજાણી, કોમલબેન રાવલ, પ્રકાશ પરમાર અને ઈન્દ્રવિજયસિંહ રાઓલ રોકાયા હતા.

## સમર વેવ રિસોર્ટના પાર્કિંગમાં રાખેલા એકટીવાની ડેકીમાંથી રૂા.૬૭ હજારના છ મોબાઈલની ચોરી

### નાણાવટી ચોક પાસે ધરમનગરમાં રહેતા યુવાને લોધીકા પોલીસમાં ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકા તાબેના જસવંતપૂર ગામે આવેલા સમર વેવ રીસોર્ટમાં ગયેલા રાજકોટના લોકોના વાહનની ડેકી તોડી રૂા. ૬૭હજારના છ મોબાઈલની ચોરી કર્યાની ફરિયાદ લોધીકા પોલીસમાં નોંધાઈ છે. તેમજ વાહનોમાં નુકશાન કર્યું હતું. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, શહેરના નાણાવટી ચોક પાસે ધરમનગર બ્લોક નં. ૨૯માં રહેતા તેજસ પ્રફુલભાઈ પરમાર (ઉ.વ.૧૯)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે રવિવારે મિત્ર જેનીશાબેન નાગેચા તેમજ માસી વંદનાબેન દીપકભાઈ પરમાર સાથે ટુ વ્હીલ લઈ લોધીકાના જસવંતપુર ગામે આવેલા સમર વેવ રીસોર્ટ નાહવા ગયા હતાં





વાહન ત્યાં પાર્કિંગમાં રાખ્યું હતું. તેમજ ત્રણેયના મોબાઈલ પણ વાહનની ડેકીમાં રાખ્યા હતાં બાદમાં સાંજે પાંચેક વાગ્યે બહાર નિકળતા ડેકીમાં રાખેલો જેનીશાનો મોબાઈલ રૂા. ૧૦ હજાર, વંદનાબેનનો મોબાઈલ રૂા. ૧૫ હ ર અને તેજ સનો મોબાઈલ રૂા. ૧૫ હજારનો ચોરાયો હોવાનું માલુમ પડ્યું હતું. તેમજ ડેકી પણ ખુલેલી હોવનું જણાયું હતું. ત્યાં બહાર તપાસ કરતા માણસો વિશાલ ગુલાબરાય પાંભરનો રૂા. ૯ હજારનો મોબાઈલ અને રૂદ્રરાજસિંહતેજસિંહ વાઘેલાનો રૂા. ૮ હજારનો મોબાઈલ અને મનીષભાઈ વાઘેલાનો રૂા. ૧૫ હજારનો મોબાઈલ કોઈ ચોરી કરીગયાનું જાણવા મળ્યું હતુ આ મામલે લોધીકા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.

## જસદણમાં કોળી અને ક્ષત્રિય સમાજ દ્વારા કનુભાઈ દેસાઈ વિરૂધ્ધ આવેદનપત્ર અપાયું

### નાણામંત્રી દેસાઈએ ખાનગીમાં માફી માંગવી એ ન ચાલેઃ કોળી સમાજના અપમાન બદલ રાજીનામાની માગ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ, સોમવાર રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ મંચ પરથી કોળીઓ કૂટાય તેમ કહીને સમસ્ત કોળી સમાજનું અપમાન કર્યું છે જે અંગે ગઈકાલે માંગેલી માફીને આંદોલન કરતા કોળી સમાજે ઠુકરાવી દીધી હતી અને જસદણમાં પ્રાંત અધિકારીને કોળી સમાજ તથા ક્ષત્રિય સમાજના આગેવાનોએ સાથે મળીને વડારધાન, રાષ્ટ્રપતિ, મુખ્યમંત્રીને સંબોધીને આવેદનપત્ર આપીને દેસાઈ સામે પગલા લેવા માંગણી કરી છે.

આ અંગે કોળી આગેવાન મુન્નાભાઈ બાવળિયાએ જણાવ્યું કે નાણામંત્રીએ કોળી સમાજનું અપમાન જાહેરમાં કર્યું છે અને માફી ખાનગી સ્થળે માફી માંગી તે ચાલે નહીં.જાહેરમાં માફી માંગી નથી તેમજ ભાજપ સરકારે પણ નાણામંત્રી સામે કોઈ પગલા લીધા નથી કે આ નિવેદનને વખોડયું પણ નથી ત્યારે માફીની વાત જ નથી આવતી અને અમે આ મુદ્દાને લઈને ભાજપને મત નહીં આપવાની ગામેગામ ઝુંબેશ શરુ કરી છે. એટલું જ નહીં, ચૂંટણી પછી અમે નાણામંત્રીના રાજીનામાની માંગ સાથે આંદોલન ઉપાડીશું. જ્યારે ક્ષત્રિય આગેવાન પી.ટી.જાડેજાએ જણાવ્યું કે અમે કોળી સહિત દરેક સમાજને તેમના પ્રશ્નો હોય ત્યારે સાથે રહેવાનું વચન આપ્યું છે અને આમંત્રણ મળતા અમે કનુભાઈ દેસાઈ વિરુધ્ધ આવેદન આપવાના આ કાર્યક્રમમાં ક્ષત્રિય આગેવાનો પણ સાથે રહ્યા છે અને ભવિષ્યમાં પણ સાથે રહેશું.

## રેલનગર, શાપરમાં બે યુવાન અને પુનિતનગરમાં મહિલાના હૃદય ધબકારા ચુકી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં હાર્ટ એટેકના કારણે વધુ ૩ જિંદગીના હૃદય ધબકતા બંધ થયા હતા. રેલનગરમાં ૩૭ વર્ષીય નરેશભાઈ, શાપરમાં ૩૦ વર્ષીય દિલીપ અને પુનિતનગરમાં ૫૬ વર્ષીય ભાનુબેનનું હાર્ટ એટેકથી મોત નિપજયું હતું.

આ અંગેની માહિતી મુજબ રેલનગરમાં ચંદ્રશેખર આઝાદ ટાઉનશીપમાં રહેતા નરેશભાઈ રમેશભાઈ ભાગવાણી (ઉ.વ.૩૭) નામનો યુવક ગઈકાલે પોતાના ઘરે હતો ત્યારે અચાનક જ બેભાન થઈ ઢળી પડયો હતો. બીજા બનાવમાં શાપર-વેરાવળમાં આવેલ પિતૃ કૃપા હોટલ પાસે રોડ પર એક યુવાન બેભાન હાલતમાં મળ્યો હતો. જેમને સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી જણાવ્યું હતું કે મૃતક શાપરના બુધ્ધનગરમાં રહેતો દિલીપ મગનભાઈ સનુરા (ઉ.વ.૩૦) હોવાનું બહાર આવ્યું હતું. મૃતક યુવાન બે દિવસ પહેલા નીકળી ગયો હતો અને ગઇકાલે તે બેભાન હાલતમાં મળ્યો હતો.ત્રીજા બનાવની વિગત મુજબ પુનિતનગર વિસ્તારમાં સતનામ સોસાયટીમાં રહેતા ભાનુબેન ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ.૫૬) પોતાના ઘરે કપડા ધોઈ રહ્યા હતા. ત્યારે અચાનક છાતીમાં દુઃખાવો ઉપડતા બેભાન થઈ ઢળી પડયા હતા જેમને સારવાર અર્થે સીવીલ હોસ્પિટલે ખસેડાતા ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા.

જેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર કારગત નિવડે તે પહેલા જ તેમનું મોત નિપજયું હતું. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી.

## કોઠારિયા રોડ પર યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

### મુંજકા ગામે આર્થિક ભીંસથી કંટાળી નેપાળી મહિલાએ એસિડ ગટગટાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માનવ ધર્મ આશ્રમ નજીક આધેડે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.જ્યારે આપઘાતના પ્રયાસના બનાવમાં આર્થિક ભીંસ કંટાળી પરિણીતાએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

બનાવની વિગતો મુજબ, શહેરના કોઠારિયા રોડ માનવ ધર્મ આશ્રમ ની સામે પેટ્રોલ પંપની બાજુમાં રહેતા કેતનભાઈ નરોત્તમભાઈ કેરળિયા નામના ૪૨ વર્ષીય આધેડે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા ૧૦૮ જાણ કરાઈ હતી. ૧૦૮ ના તબીબ આરતીબેન એ કેતન ભાઈને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા.

બનાવની જાણ ભક્તિનગર પોલીસ મથકે થતા હેડ કોન્સ્ટેબલ પ્રશાંતસિંહ સહિતનો સ્ટાફ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે ખસેડી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી જેમાં આધેડ મજૂરી કામ કરતા હતા અને તેઓ પાંચ ભાઈ છે. અને મૃતક અપરણિત હતા. પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં મુંજકા ગામે શ્રી સીટી એપાર્ટમેન્ટમાં રહેતા સરિતાબેન ભરતભાઈ વિશ્વકર્મા નામના ૩૧ વર્ષીય પરણીતાએ ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે એસિડ ગટગટાવી લેતાં તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કેતનભાઈ પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ભરતભાઈએ જણાવ્યા અનુસાર પત્ની સરિતાએ આ પગલું ટેન્શનના કારણે ભર્યું હતું.

છેલ્લા ઘણા સમયથી પતિ કામકાજ પર જતો નહોતો અને મકાન માલિકે ઘર ખાલી કરવાનું કહ્યું હોવાથી ત્રણ સંતાનોને લઇને ક્યાં જઈ રહીશું એ ભયથી તેણીએ આ પગલું ભર્યું હતું. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના ભાવેશભાઈ મકવાણાએ યુનિવર્સિટી પોલીસને જાણ કરી. પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો કર્યા અને ધોરણસરની કાર્યવાહી હાથધરી છે. પરણીતા મૂળ નેપાળના છે અને તેણીને સંતાનમાં બે પુત્રો અને એક પુત્રી છે.

